

# ગોચર અગોચર



## ગણેશ ચતુર્થી પર કરો મનોકામના પૂર્ણ

**યંત્ર-મંત્ર-તંત્ર**
**યજ્ઞેશ ત્રિવેદી**

પૂર્ણ બ્રહ્મ સાક્ષાત્ પરમાત્મા શ્રી ગણેશજીના પ્રસન્નાર્થે જપ અને તપની પરંપરાગત સિધ્ધ કરેલી અનેક એવી સાધનાઓ છે, જેનું ગણેશ ચતુર્થીના દિવસે વિધિવત્ અનુસરણ કરીને પોતાના કાર્યક્ષેત્રમાં ઉત્કૃષ્ટ સફળતાઓ અર્જિત કરી શકાય છે.

### ચિંતા હરણ ઉપાય

ગણેશ ચતુર્થીના દિવસે સવારે બ્રહ્મમુહૂર્ત સમયમાં શ્વેતાર્કમાંથી બનેલી શ્રી ગણેશની મૂર્તિ સમક્ષ પીળું વસ્ત્ર ધારણ કરીને પૂર્વ દિશા તરફ મુખ રાખીને બેસી જવું તથા તમારી જમણી તરફ ધૂપ અને દીપ પ્રગટાવવાં. સામે એક થાળીમાં કંકુ, હળદર, નારિયેળ, પંચામૃત, ચંદન, પાન, ફૂલ અને સિંદૂર એકત્ર કરીને ષોડશોપચારથી પૂજન કરવું. ત્યારબાદ 'ૐ નમો વિઘ્નહરાય ચિંતાના શકાય ગં ગણપતયે નમઃ' મંત્રનો 'શ્વેત ચંદન માળા'થી ૧૧૦૦ વાર જપ કરવો. વ્યવસાય, પરિવાર, આરોગ્ય, નોકરી વગેરેની ચિંતાઓ શીઘ્ર સમાપ્ત થઇ જાય છે અને લાભ પ્રાપ્ત થાય છે.

### આર્થિક ઉન્નતિ હેતુ ઉપાય

ગણેશ ચતુર્થીના દિવસે પાંચ કુંભાર પાસેથી માટી લાવીને શ્રી ગણેશની મૂર્તિ બનાવી લેવી, પછી બપોરના સમયે આ મૂર્તિનું ષોડશોપચારથી પૂજન આરંભ કરવો તથા ત્યારબાદ લાલ ચંદનની માળાથી 'ૐ નમો સિધ્ધિવિનાયકાય સર્વકાર્યકર્ત્રે સર્વવિઘ્ન - પ્રશમનાય સર્વરાજય વશ્યકરણાય સર્વજન - સર્વસ્ત્રી પુરુષાકર્ષણાય શ્રી ૐ સ્વાહા' મંત્રનો ૧૦૮ વાર જપ કરવો. શત્રુ બાધાઓ આર્થિક વ્યાપાર સંબંધિત કોઇપણ પ્રકારની સમસ્યાઓ સમાપ્ત થઇ જાય છે તથા જીવનનો સર્વાંગીણ વિકાસ પ્રારંભ થઇ જાય છે.

### સંકટ નિવારણ હેતુ ઉપાય

ગણેશ ચતુર્થીના દિવસે બપોરના સમયે મંગળ પથ્થરથી બનેલી શ્રી ગણેશની મૂર્તિનું ષોડશોપચારથી પૂજન કરવું. ત્યારબાદ નિમ્ન લિખિત મંત્ર...

'ઓમ ગજ ગતેઅમ કુરતે દામ ડંડસ્ત ફેફેફેત્કાર ફારૈ વિશિશ જવાલા માલા કરાલં હો હો હોનિ હાંતં હસિ હસિ મનસિભા સપાટા રહા સેહં કારણા નૌદૌસ્તિ ખન કુરુતે સર્વતુ મુખં જતિ'નો ૧૦૮ વાર (૧ માળા) સફેદ ચંદનની માળાથી જપ કરવો. કોઇપણ પ્રકારનો આવનારા સંકટ ટળી જાય છે. જો તમે ઇચ્છો તો તમારા સગા - સંબંધી જે નિર્દોષ હોય તથા અપરાધ વગર સજા કાપવાની સ્થિતિમાં હોય, તેમને પણ સંકટમાંથી મુકત કરાવી શકો છો. છતાં પણ જો મંત્ર ના ફાવે તો ગણેશજીનો 'સંકટનાશન ગણેશ સ્તોત્ર'નો પાઠ કરવો.

### કાર્યક્ષેત્રમાં સફળતા માટે ઉપાય

ગણેશ ચતુર્થીના દિવસે બપોરના સમયે મંગળના પથ્થરથી બનેલી શ્રીગણેશની મૂર્તિ અને તેની સાથે પારાથી બનેલ લક્ષ્મીની મૂર્તિનું ષોડશોપચારથી પૂજન કરવું તથા તે પછી પંચમુખી રુદ્રાક્ષની માળાથી 'શ્રી ગં સૌમ્યાસ ગણપતયે વરવરદે સર્વજનેમે વશમાનય સ્વાહા' મંત્રનો ૧૧૦૦ વાર જપ કરવો. એમ કરવાથી કાર્યક્ષેત્રમાં કોઇપણ પ્રકારની બધાઓ સમાપ્ત થઇ જાય છે તથા મનઇચ્છી સફળતા પ્રારંભ થઇ જાય છે.

### કર્જ કે ઋણમુકિત માટે ઉપાય

ગણેશ ચતુર્થીના દિવસે બપોરના સમયે શ્વેતાર્કથી બનેલી શ્રીગણેશની મૂર્તિને ષોડશોપચારથી પૂજન કરવું. પછી સફેદ ચંદનની માળાથી ૧૧૦૦ વાર 'ૐ ગણેશં ઋણં છિન્દી વરેણ્યં હું નમઃ ફટ' મંત્રનો જપ કરવો. ત્યારબાદ ૨૧ દિવસ સુધી આ પ્રયોગ કરતા રહેવું. કોઇપણ પ્રકારના ચઢેલું કર્જ કે ઋણ ઉતરવા લાગે છે.

### શીઘ્ર વિવાહ હેતુ ઉપાય

ગણેશજીની નવી મૂર્તિ લાવીને તેની સાથે ગૌરીશંકર રુદ્રાક્ષને ગણેશ ચતુર્થીના દિવસે બપોરે ષોડશોપચારથી પૂજન કરવું તથા લાડુનો ભોગ ધરાવવો. ગૌરી શંકર રુદ્રાક્ષને લીલા દોરામાં પરોવીને ગળામાં ધારણ કરી લો. ત્યારબાદ સફેદ ચંદનની માળાથી ૧૧૦૦ વાર 'ૐ હ્રીં ગ્રીં હ્રીં' મંત્રનો જપ કરવો. આ વિધિનો જે કન્યા અને પુરુષ અનુસરણ કરી લે તેનો વિવાહ શીઘ્ર થઇ જાય છે.




## ગણેશ ચતુર્થી પર હકીક પથ્થરને તાંત્રોકત નારિયેળના પ્રયોગો

**જડીબુટ્ટી**
**નજૂમી**

*ગણેશ ચતુર્થીનું પાવન પર્વ આવી રહ્યું છે. આ પર્વ પર જો આપણે ભગવાન ગણેશને પૂર્ણ શ્રદ્ધાથી પ્રસન્ન કરવાનો પ્રયાસ કરીએ તો તે પ્રસન્ન થઇને સર્વસ્વ આપે છે. ગણેશ ચતુર્થી પર કરો આ ઉપયોગી પ્રયોગ....*

*(૧) દરિદ્રતા નિવારણ માટે તમે ગણેશ ચતુર્થીના દિવસે મંત્ર સિદ્ધ ૨૧ હકીક પથ્થર લઇને જમીનમાં દાટી દો, તો તે દિવસથી તમારા ઘરમાં આર્થિક ઉન્નતિ થવા લાગે છે. અને દરિદ્રતાનું નિવારણ થવા લાગે છે.*

*(૨) જો વ્યકિત શ્રેષ્ઠ ધનની ઈચ્છા રાખતો હોય, તેણે ગણેશ ચતુર્થીના દિવસોમાં ૨૭ હકીક પથ્થર લઇને તેના પર ગણેશજીનો ફોટો કે મૂર્તિ સ્થાપિત કરો તો તેના ઘરમાં આર્થિક ઉન્નતિ થતી જ રહે છે.*

*(૩) ગણેશ ચતુર્થીના દિવસોમાં ૧૧ હકીક પથ્થર લઇને કોઇ ગણેશ મંદિરમાં ચઢાવી દો અને કહો કે, હું અમુક કાર્યમાં વિજયી થવા ઈચ્છું છું.... તો ચોકકસ ગણપતિ તે કાર્યમાં વિજય અપાવે છે.*

**તાંત્રોકત નારિયેળ પ્રયોગ**

*ગણેશ ચતુર્થીના દિવસોમાં તમે તાંત્રોકત નારિયેળને એક ચાંદીના સિકકા પર રાખીને નાડાછડી બાંધી દો. ગણેશજીના સ્થાપના દિવસે તમે તેને સાક્ષાત્ ગણપતિ માનીને ગણપતિ વિસર્જન સુધી તેનું પૂજન કરવું.*

*વિસર્જનના દિવસે તેનું પૂજન કરીને 'ૐ ગ્લૌં ગં ગણપતયે નમઃ મંત્રની ૧ માળા જપ કરવી તથા શ્રદ્ધાપૂર્વક તેની પૂજા કરી તેને કોઇ ડબ્બીમાં બંધ કરી સુરક્ષિત સ્થાન પર રાખી દો. જયારે તમોને આ પ્રયોગનો કંઇક લાભ જોવા મળે પછી તેને ઉચિત દક્ષિણા સાથે ગણેશ મંદિરમાં અર્પિત કરી દો.*

*જો કોઇ દંપતી પુત્ર પ્રાપ્તિની ઈચ્છા રાખતા હોય, તો ગણેશ ચતુર્થીના દિવસે ૧૧ તાંત્રોકત નારિયેળ લઇને તેના પર 'ૐ શ્રીં પુત્ર લક્ષ્મ્યૈ નમઃ' મંત્રની ૧ માળા દરરોજ જપ કરી ગણેશ વિસર્જનના દિવસે જ કોઇ તળાવ કે નદી, કૂવા અથવા વાવડીમાં વિસર્જિત કરી દો; તો ઘરમાં અવશ્ય જ પુત્ર ઉત્પન્ન થશે તથા ઘરમાં સુખ-શાંતિ જળવાઇ રહે છે.*

*ગણેશજીનો એક 'પુત્ર પ્રાપ્તિ ગણેશ સ્તોત્ર' નો પાઠ આવે છે તે દરરોજ કરવાથી પણ શુભ ફળ મળે છે. ગણેશ ચતુર્થીમાં જેટલા વધારે પાઠ થાય તેટલું વધારે ઝડપથી રિઝલ્ટ મળે છે... શ્રીગણેશજી બધાં જ વિઘ્નો દૂર કરીને કૃપા કરે છે.*

## ત્રિધ્ધિ-સિધ્ધિ આપનારું અષ્ટવિનાયક કવચ

**કાળચક્ર**
**વાય જે. ટી.**

ભગવાન ગણપતિનાં જ અલગ અલગ સ્વરૂપોને જ અષ્ટ વિનાયકની સંજ્ઞા આપવામાં આવી છે. જેમણે સમય સમય પર અવતાર લઇને પોતાના ભકતોની વિપત્તિઓને દૂર કરી તેમણે એક સુધી અને ભયમુકત વાતાવરણ આપ્યું છે. અને તેમનાં આઠેય સ્વરૂપોને એક - એક કરીને તૈયાર કરવામાં આવે છે, જેને 'ત્રિધ્ધિ - સિધ્ધિ દાયક અષ્ટ વિનાયક કવચ' નામ આપવામાં આવ્યું છે... જે ભકતોની મનોકામનાઓ, અભિલાષાઓને પૂર્ણ કરવામાં એક સક્ષમ અને ઠોસ આધાર છે.

(૧) **વક્તુંડઃ** વિઘ્નોનો નાશ કરનારા અને વિઘ્નોને હરનારા છે.

(૨) **એક દંતઃ** લોભ, મદ, મોહ, મત્સયમાંથી મુકિત આપનારા છે.

(૩) **મહોદરાઃ** સુખી અને આનંદપૂર્વક જીવન આપનારા છે.

(૪) **ગજાનનઃ** ત્રિધ્ધિ - સિધ્ધિ તેમજ સંપૂર્ણ ઐશ્વર્ય આપનારા છે.

(૫) **લંબોદરઃ** ક્રોધ તેમજ અધર્મનો નાશ કરનારા છે.

(૬) **વિકટઃ** સંકટોનું હરણ કરનાર અને શત્રુઓ પર વિજય આપનારા છે.

(૭) **વિઘ્નરાજઃ** વિઘ્નોને હરનાર અને મંગલકાર્યોને પૂર્ણતા આપે છે.

(૮) **ધૂમ્રવર્ણઃ** દુષ્ટ પ્રવૃત્તિઓ પર કાબૂ કરવા માટે, ધર્મ-કર્મમાં વિજય આપનારા છે.

દરેક માનવમાં કોઇ શુભ તેમજ અશુભ પ્રવૃત્તિઓ હોય છે. અશુભ પ્રવૃત્તિઓની સ્થિતિ તેમજ વાતાવરણ કેટલાય ગણું વધી જાય છે.

આપણને આપણા જીવનમાં વિજય, ધર્મ-કર્મ, શુભ - લાભ, ત્રિધ્ધિ-સિધ્ધિ, સુખ તેમજ ઐશ્વર્ય જોઇએ. સાથે જ શત્રુ નાશ, ઋણમાંથી મુકિત, દુષ પ્રવૃત્તિઓનો નાશ, અધર્મનો નાશ પણ જોઇએ. આ બધું એક સાથે એક જ કવચમાં તમોને મળી શકે છે.

તમે આ કવચન કયા કારણોસર ધારણ કરી શકો....

(૧) જો તમારું સંતાન અત્યારે ભણી રહ્યું છે અને તમોને લાગે છે કે તેનું ધ્યાન ભણવામાં નથી અથવા તેને સંકટોનો બાધાઓનો સામનો વધારો કરવો પડતો હોય છે.

(૨) જો તમોને એમ લાગતું હોય કે તમારું સંતાન ખોટા રસ્તા પર જઇ રહ્યું છે અથવા જઇ ચૂકયું છે.

(૩) તમે નોકરી કરી રહ્યા છો પરંતુ સતત અપમાનીત જ થતા રહો છો. તમારી યાદશકિતમાં કમી આવતી હોય.

(૪) તમે તમારાં કાર્યમાં વધારે બુદ્ધિશાળી બનવા ઈચ્છો છો. તમે જે ક્ષેત્રમાં છો, તે ક્ષેત્રમાં દક્ષ (પ્રવીણ) થવા માંગો છો.

(૫) તમે કર્જથી મુકત નથી થઇ શકતા.

(૬) તમે વ્યવસાયમાં એવી ઉન્નતિ અને પ્રગતિ કરવા ઈચ્છો છો - જેના તમે હકદાર છો. તમારા પરિશ્રમનું ઉચિત ફળ નથી મળતું.

(૭) તમે તમારો ક્રોધનો કે તમારા જીવનસાથીના ક્રોધનો સંતાનના ક્રોધનું શમન કરવા ઈચ્છો છો.

(૮) તમારી આવક તો બહુ જ છે પરંતુ સંપન્નતા નથી આવતી. ત્રિધ્ધિ - સિધ્ધિ દેખાતી નથી. જીવનમાં સુખ તેમજ ઐશ્વર્યા મેળવવા ઈચ્છો છો. આવકની સાથે જ ખર્ચ પણ વધતા જ જાય છે. પૈસા આવતા તો દેખાય છે પરંતુ ખર્ચ કયાં થઇ જાય છે તે ખબર પડતી નથી!

—તમે આ બધાં કારણોસર પોતાને, તમારા સંતાનને, જીવન સાથીને, મિત્રને, પરિવારજનોને, ભાઇ ભાંડુઓને પણ આ કવચ ધારણ કરાવી શકો છો. ભેટ આપી શકો છો. કારણકે જો તમારા પરિવારમાં સુખ - શાંતિ હોય તો જ તમે પણ સુખી જીવન વિતાવી શકો છો.

ઉપરોકત બધાં જ અષ્ટ વિનાયકોના લાભ પ્રાપ્ત કરવા માટે અલગ - અલગ કવચ પ્રાપ્ત કરવાની આવશ્યકતા નથી. તમે ઈચ્છો તો એક જ સાથે અષ્ટ વિનાયક કવચ પ્રાપ્ત કરી શકો છો. તમારી સમસ્યાઓમાંથી કાયમી મુકિત મેળવવા માટે ઉપરોકત કવચ અવશ્ય ધારણ કરવું જોઇએ, જેથી ધીરે ધીરે તમારું ડામાડોળ થયેલું તંત્ર - વહીવટ એકદમ વાજબી થઇ જાય. ખોટા ખર્ચાઓ બંધ થઇ જાય. જરૂરી ખર્ચાઓ જ થાય. આ કવચ દેખાવમાં ખરાબ લાગે તેવું નથી. લંબગોળ આકારના કવચ ઉપર અષ્ટ વિનાયક યંત્ર અકિત કરેલું હોય છે, કવચની બીજી તરફ શ્રીગણેશજી હોય છે. ઈચ્છાપૂર્તિનું અચૂક સાધન છે - અષ્ટ વિનાયક કવચ...

ભગવાન ગણપતિ શીઘ્ર પ્રસન્ન થનારા અને ઈચ્છાનુકૂલ વરદાન આપનાર દેવતા છે.

## તુલા રાશિમાં મંગળ ભ્રમણ

**રણકાર**
**ઋષિકેશ એમ. ઓઝા**

ધરણી પુત્ર અને પરાક્રમ તથા શૌર્યના પ્રણેતા કહેવાતા ગ્રહ મંગળ દેવતા તા. ૫-૯-૧૦ની મધ્યરાત્રિએ તુલા રાશિમાં પ્રવેશ કરી તા. ૧૯-૧૦-૧૦ સુધી તુલા રાશિમાં ભ્રમણ કરશે. આ અગાઉ તા. ૨૦, જુલાઈ- ૧૦થી તા. ૫, સપ્ટે.-૧૦ મંગળે કન્યા રાશિમાં ભ્રમણ ગોચરના શનિ સાથે ભ્રમણ કર્યું ત્યારે દેશ અને દુનિયામાં કુદરતી આફતો, અતિવૃષ્ટિ, અકસ્માતો અને જળ પ્રલયથી ઘણી ખાનાખરાબી કરી ત્યારે મંગળના તુલા ભ્રમણ સાથે જ ભારતની ચંદ્ર કુંડળીથી ચોથા સુખ સ્થાને ભ્રમણ ભારતમાં કુદરતી કોપ તો ઓછો કરાવશે પણ પાડોશી દેશ તરફથી પરેશાની વધારશે એમાં પણ નભો મંડળે સૂર્ય ૧૮ સપ્ટે.થી ૧૭ ઓકટો.-૧૦ દરમિયાન કન્યા રાશિમાં ગોચરના જ કન્યાના શનિ સાથે યુતિમાં ભ્રમણ કરશે ત્યારે કુદરતી આફતોથી જનસમાજ પ્રભાવિત થશે, અને આ સમયે કાશ્મીરની સમસ્યા વધુ વકરશે.

રાશિચક્રની પ્રથમ રાશિ મેષ રાશિના જાતકોને સાતમાં કલત્ર ભાવે મંગળ ભ્રમણ મધુર દાંપત્યજીવન, સુખભોગ, શારીરિક તૃપ્તી અને જાહેર જીવનમાં યશ પ્રતિષ્ઠા અને માન-સન્માન અપાવશે. ભાગીદારીમાં હમણાં જો નવો ધંધો શરૂ કરવા ઈચ્છતા હો તો આપ ૫-૯-૧૦થી ૨૧-૧૦-૧૦ સુધી થોભી જશો. શરીર સ્વાસ્થ્યને બગાડતો મંગળ પાચનતંત્રને લગતી ફરિયાદો પણ વધારશે. રોમેન્ટીક જીવનસાથીના સાથના કારણે આ દિવસોમાં મધુર દામ્પત્યજીવન પણ પ્રાપ્ત થશે. ધન સંચય વધશે. ભાગીદારીમાં ધંધો કરતા ઈસમોને પણ મંગળ ઉત્તરોત્તર ધંધાના વિસ્તરણ માટે સમય પ્રતિકૂળ બને અથવા ભાગીદારીમાં વિખવાદની પણ શકયતા રહે. એકંદરે તુલા રાશિમાં મંગળ ભ્રમણના આ દિવસો આપને દામ્પત્ય-જીવનનું ઉત્તમ સુખ આપશે. મોજશોખ, ઘરેણાની વસ્તુ પાછળ જીવનસાથી માટે નાણાંના વ્યયની પણ શકયતા.

**વૃષભ રાશિ (બ,વ,ઉ):-** ગરમીજન્ય રોગો કે ગુપ્તાંગને લગતા રોગોથી સાવધાની રાખવા સૂચવતો મંગળ આપને હરીફ અને શત્રુ ઉપર વિજય પણ અપાવશે. કોર્ટકચેરીના કામમાં સુખદ સમાધાન કે તમારી ફેવરમાં ચૂકાદો આપવામાં મદદરૂપ બનતો સમય હાથ નીચેના કર્મચારી કે નોકરચાકર વર્ગથી તમારી પરેશાની વધારશે. પ્રવાસમાં કે અપડાઉનમાં કિંમતી સામાનની ચોરી કે અગત્યની ફાઈલો ગુમ ન થાય કે ચોરી ન થાય એની ખાસ કાળજી રાખશો. વિદ્યાર્થી મિત્રો વધારે પડતો વિલાસ કે વ્યસન વિદ્યાભ્યાસથી વિમુખ ન બનાવે એની કાળજી રાખશો. આ રાશિના વિદ્યાર્થી મિત્રો ડ્રગ એડીકટસ્ દોસ્તોથી ખાસ સાવચેતી રાખશો. નહીંતર સ્વાસ્થ્ય અને કારકિર્દી બંને જોખમમાં મૂકતો મંગળ બદનામી પણ અપાવી શકે છે. વિજાતિય મિત્રો તરફથી લાંછન બદનામી ન મળે એની તકેદારી રાખશો.

**મિથુન રાશિ (ક,છ,ઘ):-** પાંચમા સંતાન અને વિદ્યાસ્થાને મંગળ ભ્રમણ સંતાનો સાથે મતભેદ વધારી જનરેશન ગેપના કારણે તમને માનસિક યાતનાનો ભોગ બનાવતો મંગળ શેર નવા સાહસ અને રોકાણમાં સફળતા પણ અપાવશે. આ રાશિની હાલમાં સર્ગભાવસ્થા ધારણ કરતી બહેનો આપ ગર્ભસ્થ શિશુની અવશ્ય કાળજી રાખશો. ગરમીજન્ય રોગો અને પડવાથી કે લપસવાથી આપને હાનિ ન પહોંચે એની અને ગરમીજન્ય રોગો સામે અવશ્ય કાળજી રાખશો. આ રાશિના શેરબજારના વ્યવસાયકારો માટે સમય આર્થિક લાભ આપનાર બનશે. આ રાશિના વિદ્યાર્થી મિત્રો માટે પણ સમય સાનુકૂળ બને. તા.૧૫-૯ થી ૨૧-૧૦ સુધીનો સમય સ્થાવર જંગમ મિલકત માટે સમય નબળો બને. નવું વાહન કે મિલકતા ખરીદવા ઈછ્છતા ઈસમો ૨૧-૧૦ સુધી થોભી જશો.



જમીન કે મકાન મોરગેજ મૂકી લોન લેવા ઈચ્છતા ઈસમોને મોરગેજ મૂકી લોન લેવા ઈચ્છતા ઈસમોને લોન મળવામાં રૂકાવટ ઊભી થાય.

**કર્ક રાશિ (ડ,હ):-** ચોથા સુખસ્થાને મંગળ ભ્રમણ મિત્રો ઘણી વખત વ્યક્તિને તદ્દન વગર લેવે-દેવે લડાઇ ઝઘડામાં સંડોવી દઇ માનસિક ચિંતા વધારે પણ છે. માટે આપ પારકી પંચાત અને વેચાતી વ્હોરી લેવાની બાબતોથી દૂર રહેવામાં જ ડહાપણ ગણાશે. શક્ય છે કૌટુંબિક સમસ્યા તમારી મનોવ્યથા વધારશે. આપને પેટ અને પાચનશક્તિને લગતા રોગોથી પરેશાની વધશે. સ્થાવર જંગમ મિલ્કત માટે ફાયદાકારક બનતો મંગળ નવું વાહન લેવેચ માટેપણ આરો બને. આ રાશિના દલાલીનો ધંધો કરતા કે જમીન-મકાન પ્લોટ લેવેચનો ધંધો કરતા ઈસમો માટે પણ સમય આર્થિક લાભ આપનાર બનશે. વિદ્યાર્થી મિત્રો વધારે પડતા આત્મવિશ્વાસમાં ન રહેતા ઈચ્છીત શાખામાં ભવિષ્યના પ્રવેશ માટે આયોજનબધ્ધ અભ્યાસ જ મદદરૂપ થશે.

**સિંહ રાશિ (મ,ટ):-** ત્રીજા પરાક્રમ સ્થાને મંગળ ભ્રમણ અત્યંત શુભ મનાય છે. આ દિવસોનો બુદ્ધિપૂર્વકનો આયોજન કરી કાર્યક્ષેત્રે કુનેહ વાપરશો તો રિદ્ધિ અને સિદ્ધિ તથા લક્ષ્મી અને કીર્તિ બંને મળશે. વિદ્યાર્થી મિત્રો માટે પણ સમય સાનુકૂળ બનશે. આ રાશિના રોજગાર કે સારી નોકરી ઈચ્છતા ઈસમોને પણ યથાશક્ય રોજગારી મળી જવાની શક્યતા રહેશે. રમતગમતના ક્ષેત્રે પદાર્પણ કરતા રમતવીરો અથવા સાહસિક યુવાનોને એમના સાહસમાં કે રમતજગતના ક્ષેત્રે સારી સફળતા અને નામના બંને મળશે. તા.૧૮-૯-૧૦ થી ૧૯/૧૦/૧૦ ને સમય આપના માટે કૌટુંબિક કોઇ અણધારેલી ઉપાધિનો બની શકે છે. આ સમયે કોઇને પણ મોટી રકમ નાણા ધીરતા વિચાર કરશો. મંગળના આ તુલા ભ્રમણ દરમ્યાન બને ત્યાં સુધી કોઇનો પઇ જામીન ન થશો. સોના ચાંદીના દાગીના- ગિફટ આઇટમ ઈમીટેશન ઘરેણા વેચતા મિત્રોને ધંધામાં પ્રગતિનો સમય બનશે.

**કન્યા રાશિ (પ.ઠ.ણ.):** બીજા ધન અને કુટુંબ સ્થાને મંગળ ભ્રમણ આપની આર્થિક સધ્ધરતા વધારશે. છતાં આપના માટે વાણીનો સંયમ જરુરી બનશે. જીભથી દુશ્મનો ઉભા ન કરો એની ખાસ કાળજી રાખશો. રોકડીઓ સ્વભાવ અને જીભની કડવાશ તમારા માટે અણધારેલી ઉપાધિ પણ ઉભી કરી શકે છે. માટે તુલાના મંગળ ભ્રમણ દરમ્યાન વાણીથી નવા દુઃશ્મન ઉભા ન કરવા. નવા સાહસમાં સિદિધ કે નવી ફાર્મ રચનામાં સફળતા માટે ઉત્તમ સમય બનશ. તા.૧૮-૯-૧૦ થી આપના માટે સમય થોડો નબળો બને છે. આ સમયે યોગ્ય નિર્ણય લેવાના અભાવે તમારે મોટો લાભ ગુમાવવો ન પડે એની ખાસ તકેદારી રાખશો. તમો ઘણું ખરું અનિર્ણાયકતાના કેદી બનશો. માથાનો દુખાવો માઇગ્રેનની બિમારીથી સાવધાની રાખશો.



### મેષથી મીન રાશિને શુભ-અશુભ અસરો

**તુલા રાશિ (ર.ત.):** જન્મના ચંદ્ર ઉપરથી મંગળ ભ્રમણ આપેન સારામાં સારો આર્થિક લાભ આપી લાંબા સમયથી રોકાયેલા નાંણા પણ છુટા કરશે. કાર્યક્ષેત્રે નવીન કાર્ય રચના પણ થાય. કુંવારા યુવક-યુવતીને વિવાહલગ્નના કાર્યમાં આવતી અડચણ દૂર થાય અને મનપસંદ સાથી પ્રાપ્ત કરવામાં મંગળ મદદરૂપ બને એજ રીતે નવી સ્થાવર જંગમ મિલ્કત ખરીદીના કે યોગ્ય કિંમતે મિલ્કત વેચવા ઈચ્છતા માણસોને ધારેલી કિંમતે મિલ્કત વેચાય આ રાશિના દલાલીનો ધંધો કરતા ઈસમો માટે પણ સમય સારી કમાણીનો બને. પરંતુ આજ મંગળ મગજમાં ખોટો ઉશ્કેરાટ રખાવી તમારો જ કકકો હા કહેવાની ધુનમાં ઉધ્વેગ અને મિત્ર વર્તુળમાં સંબંધ પણ બગાડી શકે છે. તા.૧૨-૯-૧૦ થી ૨૧.૧૦.૧૦ના સમય આપ આંખને લગતી પરેશાની કે એને ઈજાથી ખાસ સાવધાની રાખશો. આ સમયે કોઇના પણ જામીન ન થશો.

**વૃશ્ચિક રાશિ:** બારમા વ્યય સ્થાને મંગળ ભ્રમણ 'આમદાની અઠ્ઠની અને ખર્ચા રૂપૈયા' જેવો ઘાટ કરી તદ્દન અણધારેલા ખર્ચથી તમારી માનસિક પરેશાની વધારી દેશે. લ્હેણદારોનાં તકાજા તમારી માનસિક માનસિક પરેશાની વધારી દેશે. ટુંકમાં મંગળના તુલા ભ્રમણ દરમ્યાન પિછોડી પ્રમાણે સોડ તાણશો તો ઘણી અણધારેલી ઉપાધિમાંથી બચી શકશો. જીવનસાથી સાથે પણ મનદુઃખ કે તનાવગ્રસ્ત વાતાવરણ રહે એનો નાનો મોટો અસંતોષ ઘર-ગૃહસ્થીમાં વિષવાદ કરાવશે. પરંતુ શત્રુઓને પીછેહઠ કરાવી- વિલવારસો દસ્તાવેજના કામમાં અટકેલા કે રોકાયેલા નાણા છુટા પણ થશે. તા.૧૮-૯-૧૦ થી ૨૧-૧૦-૧૦ના સમયે તમારે મિત્રો- મદદરૂપ પણ થશે. નવી ઓળખામ કે નવા સંબંધો ભવિષ્યમાં આર્થિક લાભ માટે ઉપયોગી બનશે.

**ધન રાશિ (ભ. ધ. ફ.):** લાભ સ્થાને મંગળ ભ્રમણ ઘણું સારું મનાય છે. આર્થિક લાભ અને નવા સાહસમાં સિધ્ધિ મળશે. ઘણાં લાંબા સમયથી રોકાયેલા કે માંગતા નાંણા છુટા થતા આર્થિક સ્થિતિ સધ્ધર બનશે. આ રાશિના પુરુષાર્થ અને પ્રારબ્ધનો શુભગ સમન્વય ઈચ્છીત પરીણામ લાવવામાં મદદરૂપ બનશે. આ સમય લાભપ્રદ બનશે. સંતાનોના વિવાહ લગ્નસંબંધી કાર્યમાં સફળતા મળે. સંતાન સંબંધી શુભ ઘટના કે સારા સમાચાર મળે. તા.૧૮-૯-૧૦ થી ૨૧-૧૦-૧૦ નો સમય કાર્યક્ષેત્રે અડચણ રૂપપણ બની શકે છે. અથવા આ સમયે સરકારી કામકાજમાં વારંવાર રૂકાવટ ઉભી થવાની પણ શકયતા રહેશે. પૈસા ખર્ચતા પણ સરકારી કામમાં વિલંબ સર્જાય. આ રાશિના રાજકારણમાં સક્રિય મિત્રો માટે પણ સમય પ્રતિકૂળ બનશે.

**મકર રાશિ (ખ. જ.):** દશમાં કર્મસ્થાને મંગલ ભ્રમણ- રાતોરાત ધનવાન બની જવાની લાલચમાં કે ખોટા લોભમાં પરસેવાથી પ્રાપ્ત કરેલુ પણ ખેંચી ન જાય એ જોજો. મંગળ ભ્રમણ આમ તો આપના માટે સારું જ બનવાનું છે. આથિજક લાભ આપી પ્રગતિકાર બની કાર્યભાર વધારશે. આ રાશિના સરકારી કર્મચારી મિત્રો આપના માટે સમય લાભપ્રદ બને છે. પ્રમોશન ઈચ્છુક વ્યકિતને આ મંગળ ભ્રમણ મન ગમતી જગ્યાએ બઢતી કે બદલીની પણ શકયતા રખાવે. ૧૨-૯-૧૦ થી વિદેશ જવા ઉત્સુક મિત્રો માટે ૨૨-૮ થી ૨૨-૧૦ નો સમય સ્વપ્નભંગનો સમય બનતા વિઝા- ગ્રીન કાર્ડના કાર્યમાં રૂકાવટ ઉભી થાય. પૈતૃક સંપત્તિથી લાભ પણ મળે. લાંબી મુસાફરી આ સમયે શકય હોય ત્યાં સુધી રાખવી. ધાર્મિક આધ્યાત્મિક રસ રૂચિ વધશે.

**કુંભ રાશિ (ગ.શ.):** નવમાં ભાગ્ય સ્થાને મંગળ ભ્રમણ પૈતૃક સંપત્તિથી લાભ આપી અવારનવાર નાના મોટા આર્થિક લાભ પણ અપાવશે. વિદેશ જવા ઉત્સુક મિત્રોને વિઝા- ગ્રીન કાર્ડના કાર્યમાં સફળતા મળશે. લાંબી મુસાફરીનો યોગ બનશે. વિદ્યાર્થી મિત્રોને પણ અભ્યાસ અર્થે વિદેશ જવા ઈચ્છતા મિત્રોને સરળતાથી વિઝા પ્રાપ્ત થાય. ભાગ્યોદયમાં અગાઉ ઊભી થયેલી રૂકાવટો દુર થતા ઉત્તરો ઉત્તર ભાગ્યોદયની તક મળશે. કલા-લેખન-જાહેરખબના ક્ષેત્ર સારો સંકળાયેલા ઈસમોને સારો આર્થિક લાભ અથવા માન પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય. તા.૧૮-૯-૧૦ થી ૨૫-૧૦-૧૦ ના સમયે વાદ-વિવાદથી સાચવવું. તમારા માટે ઉભા થતા નવા હિત શત્રુઓ તમને કાર્યક્ષેત્રે મુશ્કેલીમાં ન મુકે એની ખાસ કાળજી રાખશો.

**મીન રાશિ (દ. ચ. ઝ.):** મિત્રો આપને આઠમા આયુષ્ય સ્થાને મંગળ ભ્રમણ આપના માટે આરોગ્ય માટે નબળું બને. ગરમીજન્ય રોગો પડવા-વાગવાથી ખાસ કાળજી રાખવી. એમાં પણ સંસર્ગજન્ય ચેપી રોગો- તથા ગુપ્ત અંગને લગતા રોગો- કીડની પથરી- હરસ મસા જેવા રોગોથી સાવધાની રાખવી. વાહન ચાલક મિત્રો આપે તો વિશેષ સાવધાની રાખવી પડશે. આ જ મંગળ અચાનક મોટો ધન લાભ આપવામાં પણ મદદરૂપ બનશે. વિલ-વારસો કે દસ્તાવેજના કામમાં ઉભી થયેલ રૂકાવટ દૂર થશે. તા. ૧૮-૯-૧૦ થી ૨૧-૧૦-૧૦ના સમયે જાહેર જીવનમાં માન પ્રતિષ્ઠિા ને કલંક ન લાગે એની અવશ્ય કાળજી રાખશો. વિજાતીય લપસણા અને અનૈતિક સબંધોના કારણે ઈજજત આબરૂ હોડમાં ન મૂકાય એની ચોકકસ તકેદારી રાખશો. અવિવાહીત લગ્ન ઉત્સુક મિત્રોને મનપસંદ જીવનસાથી મેળવવામાં મંગળ વિલંબ ઉભો કરાવે.